જૈન
શિક્ષણ
પાઠમાળા

જૈન શિક્ષણ પાઠમાળા.

[બાળ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા સારૂ]

પ્રયોજક
લીંબડી સંપ્રદાયના મુનિ મહારાજ
શ્રી ગુલાબચંદ્રજી સ્વામી
તથા મુનિરાજ
શ્રી વીરજી સ્વામી.

પ્રકાશક
સૌ. દયાકોર ખેમચંદ ન. ભાવસાર.
મોતીશાના દહેરાસરમાં, લવલેન, મઝગાંવ, મુંબઇ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

વિ. સંવત્ ૧૯૭૨. વીર સંવત્ ૨૪૪૨.

અમૂલ્ય.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

ખેમચંદ ન. ભાવસાર,

મોતીશાના દહેરાસરમાં, લવલેન, મઝગાંવ—મુંબઇ.

શ્રી મુંબઇ રત્નચિંતામણિ સ્થા. જૈન મિત્રમંડળ,

પાયધુણી, મુંબઈ.

પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસમાં ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યું.

ખાડીયા, જેઠાભાઇની પોળ, અમદાવાદ.

પ્રસ્તાવના.

ધર્મની પ્રવૃત્તિ બે રીતે થાય છે: દેખવાથી અને જાણવાથી. પરંપરાથી ચાલી આવતી ક્રિયા જોઇને જે પ્રવૃત્તિ થાય છે તેમાં વખતે ન્યૂનતા રહી જાય છે, કેમકે ચાલી આવતી પરંપરા વખતે શુદ્ધ હોય છે અને વખતે અશુદ્ધ થઇ ગયેલ હોય છે. કૂવાનું પાણી બગડેલું હોય તો હવાડામાં પણ તે બગડેલું જ પાણી આવે છે, તેથી કેટલીક વાર દેખાદેખીની પ્રવૃત્તિમાં ઘણી અશુદ્ધિ થઈ જાય છે. બગડેલું પાણી પીનારને જેટલું નુકસાન કરે છે તેટલું જ નુકસાન અશુદ્ધ ક્રિયા આત્માને પહોંચાડે છે. આથી બચવાનો ઉપાય જ્ઞાન અને જ્ઞાનનાં પુસ્તકો છે.

ચાલુ સમયમાં મ્હોટી ઉમરના માણસો કે જે હમેશ ઉપાશ્રયમાં આવે છે, સામાયક આદિ ક્રિયાઓ કરે છે, તેમની પણ ધાર્મિક પ્રવૃત્તિ પદ્ધતિપૂર્વકની જણાતી નથી, તો પછી વિદ્યાર્થીઓ કે જેઓ વ્યાવહારિક અભ્યાસના બોજાથી એટલા દબાએલા હોય છે કે ધાર્મિક સ્થાનમાં આવવાનો પણ તેમને વખત મળતો નથી તેવા વિદ્યાર્થીઓમાં શુદ્ધ પ્રવૃત્તિનું જ્ઞાન ક્યાંથી હોય ?

એકાદ એવું પુસ્તક હોય કે જેથી વિદ્યાર્થીઓ અને મ્હોટા માણસો કેવી રીતે દરેક ક્રિયા શુદ્ધ રીતે કરવી તે જાણી શકે તો તેથી બગડેલી ક્રિયા-પરંપરા કંઇક સુધરે, એવા એક ન્હાના પુસ્તકની મોટી અગત્ય મને જણાઇ. દરમ્યાન લિંબડી સંપ્રદાયના વિદ્વાન્ મહારાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામીની યોજેલી એક ચોપડી કે જે જામનગરનિવાસી રા. આણંદજી તારાચંદભાઇએ જૈનશાળાના વિદ્યાર્થીઓના ઉપયોગ સારૂ કેટલાંક વરસ પહેલાં છપાવી બ્હાર પાડી છે, તે મારા જોવામાં આવી. આ ચોપડી શિક્ષણ રૂપે ઠીક છે પણ તેમાં કાંઇક સુધારા વધારાની મને જરૂરીઆત જણાઇ, તેથી આ ચોમાસામાં અત્રે બિરાજતા મુનિ મહારાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામી તથા મહારાજ શ્રી વીરજી સ્વામીને

સુધારો વધારો કરવાની મેં વિનંતિ કરી. મહારાજશ્રીએ મારી વિનંતિ મંજુર રાખી, તે ચોપડી વધારે ઉપયોગી થાય, વિદ્યાર્થીઓ તેમજ મ્હોટાઓને બોધદાયક બને તેવી શૈલીથી સાદી ભાષામાં ક્રમપૂર્વક યોજી તૈયાર કરી દેવાની મારા ઉપર કૃપા કરી, તેથી તેમનો અત્યંત આભાર માનું છું.

આ ચોપડીમાં જુદા જુદા પાઠો યોજવામાં આવ્યા છે. તેમાં એકેક વિષયની જુદી જુદી કલમો બાંધેલી છે. મુખ્યત્વે નીતિ, વ્યવહાર, સદાચાર અને ધાર્મિક ક્રિયા એ ચાર વિષયોનો સમાવેશ કર્યો છે. એકેક વિષયને નિબંધરૂપે કે ભાષણરૂપે ચર્ચવામાં આવે તો પુસ્તકનું કદ વધી જાય અને વાંચનારને વખતે કંટાળો આવી જાય, એટલા માટે ટુંકામાં આદેશ રૂપે શિક્ષાવાક્યો યોજવામાં આવ્યાં છે.

આ લઘુ પુસ્તક વિદ્યાર્થી તેમજ મ્હોટા માણસો દરેકને પહેલેથી છેડે સુધી વાંચવાની હું ખાસ ભલામણ કરૂં છું, એટલું જ નહિ પણ તેમાંની દરેક કલમનો પોતે અમલ કરવા અને પોતાના આશ્રિત જિજ્ઞાસુઓની પાસે અમલ કરાવવા હું આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું. જૈનશાળાના વિદ્યાર્થીઓને આ પુસ્તક અતિ ઉપયોગી થઈ પડશે એમ મારી માનીનતા છે, કેમકે આથી ધર્મસ્થાનમાં કેવી રીતે જવું, ત્યાં જઇને શું કરવું, વ્યાખ્યાન કેવી રીતે સાંભળવું, ગુરૂનો વિનય કેમ કરવો, દેવ ગુરૂ અને ધર્મની પિછાન કેમ કરવી, વ્યવહાર કેમ શુદ્ધ કરવો, વ્યાપારને અંગે નીતિનું પાલન કેવી રીતે કરવું, સામાયક વગેરે દરેક ક્રિયા નિયમસર અને વિધિપૂર્વક કેવી રીતે કરવી, દાન કેવી રીતે દેવું, અને શ્રાવકના ગુણો કેમ પ્રાપ્ત કરવા, વગેરે વિષયોનું બારીકાઇથી વર્ણન કરેલું છે. તેના શિક્ષણથી કુમળા મગજમાં સારા સંસ્કારો પડે તો વિદ્યાર્થીનું સમસ્ત જીવન સુધર્યા વિના રહે નહિ.

મોતીશાના દેરાસરમાં,
મઝગાંવ, મુંબઈ. } ખેમચંદ ન. ભાવસાર.

જૈન શિક્ષણ પાઠમાળા.

પાઠ ૧ લો.

નીતિબોધ.

૧ જુઠું કદી પણ બોલવું નહિ; બોલીને બદલવું નહિ.

૨ ખોટા ખત-દસ્તાવેજ લખવા નહિ; બનાવટી-ખોટા કાગળ લખવા નહિ.

૩ ખોટું નામું કે ખોટા હિસાબ કરી કોઇને છેતરવા નહિ.

૪ કોઇની થાપણ ઓળવવી નહિ.

૫ ખોટી સાક્ષી પૂરવી નહિ, તેમ ખોટા સોગંદ ખાવા નહિ.

૬ કોઇને કુબુદ્ધિ કે ખોટી સલાહ આપવી નહિ.

૭ વ્યાપારમાં કોઇને ઓછું દેવું નહિ, તેમ અધિક લેવું નહિ.

૮ વ્યાપારમાં એક વસ્તુ બતાવી બીજી આપવી નહિ.

૯ તોલ માપમાં ફેરફાર રાખવો નહિ, અર્થાત્ સરકાર કે કમીટીએ મુકરર કરેલા તોલ માપમાં ન્યૂનાધિકતા ન રાખવી.

૧૦ વ્યાપારના સારા માલમાં હલકા માલની ભેળસેળ કરવી નહિ.

૧૧ વેચવાની વસ્તુઓમાં ધૂળ, ભુસ્સો, રેતી, ચરબી વગેરે ચીજો મેળવવી નહિ.

૧૨ ચોરી કરવી નહિ, તેમ ચોરીનો માલ ખરીદવો નહિ.

૧૩ ચોર, કલાલ, કસાઈ, વેશ્યા વગેરે હિંસક અને દુષ્ટ માણસોની સાથે લેતીદેતીનો વ્યવહાર કરવો નહિ.

૧૪ લોકનિંદ્ય ધંધો કરવો નહિ, તેમ તેવા ધંધાની દલાલી પણ કરવી નહિ.

૧૫ વિશ્વાસઘાત કે ઠગાઇ કરવી નહિ.

૧૬ કોઇનો પણ પૈસો વ્યાજે લઈ દાનત બગાડવી નહિ, તેમ ધર્માદા કરેલું દ્રવ્ય ઘરમાં વાપરવું નહિ અને વગર વ્યાજે રાખવું નહિ.

૧૭ દાણચોરી વગેરે રાજ્યવિરૂદ્ધ કામ કરવું નહિ.

૧૮ કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, બાળલગ્ન કરવાં-કરાવવાં નહિ.

પાઠ ૨ જો.

સદાચાર.

૧ ખરાબ માણસની સોબત કરવી નહિ, પણ સારા માણસોનો સહવાસ રાખવો.

૨ કોઇને દુઃખ દેવું નહિ, પણ દુઃખી માણસને બનતી મદદ કરી તેનું દુઃખ દૂર કરવું.

૩ સલાહ લેવા આવનારને સાચા દિલથી સાચી સલાહ આપવી.

૪ સ્વધર્મી ભાઇઓની સેવા-ભક્તિ કરવી; રસ્તામાં કે ઘેર જ્યાં સ્વધર્મી મળે ત્યાં ‘ જય જિનેંદ્ર ’ કરી સત્કાર કરવો.

૫ કોઈ પણ વખતે ન્યાયનો પક્ષ લેવો, પણ અન્યાયના પક્ષમાં ભળવું નહિ; પંચાયતમાં ભળવું પડે તો અન્યાય ન કરવો.

૬ અપકાર કરનારનો પણ ઉપકાર કરવો.

૭ કોઇ પણ કામની શરૂઆત કરતાં નવકાર મંત્રનું સ્મરણ કરવું.

૮ લુચ્ચા, લબાડ, નાસ્તિક અને ભ્રષ્ટ માણસનો ઘરમાં પગપેસારો થવા દેવો નહિ.

૯ પોતાનાં આશ્રિત જનોની હુમેશ સંભાળ લેવી; તેમને અનીતિને માર્ગે જતાં અને ખરાબ સોબતથી અટકાવવા.

૧૧ દ્રવ્ય હોય તો લોભવૃત્તિથી તેનો સંચય ન કરતાં ઉદારતા રાખી સારી સારી સંસ્થાઓ સ્થાપવી અથવા તેમાં મદદ કરવી.

૧૨ આશ્રિત જનાવરોની બરાબર સંભાળ લેવી; પાંજરાપોળ જેવી સંસ્થાઓમાં જાતે જઇ દેખરેખ રાખવી; ધર્મદલાલી કરવાથી પણ ઘણો લાભ મળે છે.

૧૩ નાટક ચેટક કે મોજશોખમાં પૈસાનો દુર્વ્યય ન કરતાં કરકસર કરવી અને બચાવેલ પૈસો સારે માર્ગે વાપરવો.

૧૪ પરસ્ત્રીની સ્વપ્ને પણ વાંચ્છા કરવી નહિ; સ્વસ્ત્રી સાથે પણ વિષયવાસના રાખવી નહિ; પર્વણિ તિથિઓમાં બ્રહ્મચર્ય પાળવું.

૧૫ ધર્મની મ્હોટી તિથિઓમાં યથાશકિત દાન, શીયલ, તપ કરવું. દાનમાં પણ જ્ઞાનદાનને પ્રથમ જગ્યા આપવી.

૧૬ વરસી તપ કે તપસ્યાના ઉજમણામાં ફજુલ ખર્ચ ન કરતાં પુસ્તકાદિની પ્રભાવના કરવી કે સારી સંસ્થાઓમાં દાન કરવું.

૧૭ કમાણીમાંથી અમુક ટકા શુભ ખાતાના કહાડવા અને તે વાપરી નાંખવા.

પાઠ ૩ જો.

વ્યસનનો ત્યાગ.

૧ જુગાર રમવું નહિ, તેમ જુગારીની સોબત કરવી નહિ.

૨ દારૂ, તાડી, માંસ, મચ્છી વાપરવાં નહિ.

૩ વેશ્યાગમન કે પરસ્ત્રીગમન કરવું નહિ.

૪ શિકાર કરવો નહિ, તેમ પશુઓને લડાવવાનો શોખ રાખવો નહિ.

૫ અફીણ, ભાંગ, ગાંજો, ચડસ, કોકેન વગેરે કેફી પદાર્થોનું વ્યસન કરવું નહિ.

૬ હોકો, બીડી, ચલમ, ચીરૂટ, સિગારેટ વગેરે ધૂમ્રપાન કરવું નહિ.

૭ જરદો, તમાકુ ખાવા કે સુંઘવાની ટેવ પાડવી નહિ.

૮ હોટેલ વગેરેમાં જમવા કે નાસ્તાપાણી કરવા જવું નહિ.

૯ ચ્હા પીવાનું વ્યસન પાડવું નહિ.

૧૦ સોડા, લેમોનેડ, બિસ્કીટ વગેરે ભ્રષ્ટકારક ચીજો શોખ નિમિત્તે વાપરવી નહિ.

૧૧ તાયફાનો નાચ કરાવવો નહિ, તેમ જોવા જવું નહિ.
૧૨ પાસા, ગંજીફા વગેરે રમતનો શોખ રાખવો નહિ.
૧૩ દારૂખાનું ફોડવું નહિ, તેમ જ ફટાકડા ખંભગોળા વગેરે ફોડવાનો શોખ કરવો નહિ.
૧૪ ગાડી ઘોડા દોડાવવાના શોખીન થવું નહિ.

પાઠ ૪ થો.

ભગવાન્‌ની પિછાન.

૧ જેને રાગ-દ્વેષ ન હોય તે ભગવાન્.
૨ જેને અજ્ઞાન ન હોય તે ભગવાન્.
૩ જેને ક્રોધ ન હોય તે ભગવાન્.
૪ જેને મદ-અહંકાર ન હોય તે ભગવાન્.
૫ જેને માન-અભિમાન ન હોય તે ભગવાન્.
૬ જેને લોભ ન હોય તે ભગવાન્.
૭ જેને માયા-કપટ ન હોય તે ભગવાન્.
૮ જેને રતિ-પાપ ઉપર પ્રીતિ ન હોય તે ભગવાન્.
૯ જેને અરતિ-ધર્મ ઉપર અપ્રીતિ ન હોય તે ભગવાન્.
૧૦ જેને નિદ્રા ન હોય તે ભગવાન્.
૧૧ જેને શોક-દિલગીરી ન હોય તે ભગવાન્.
૧૨ જેને અસત્ય વચન ન હોય તે ભગવાન્.

૧૩ જેને સર્વથા બ્રહ્મચર્ય હોય તે ભગવાન્.

૧૪ જેને મત્સર–ઇર્ષ્યા ન હોય તે ભગવાન્.

૧૫ જેને સાત ભય પૈકી કોઇ પણ ભય ન હોય તે ભગવાન્.

૧૬ જે સર્વ જીવોને પોતાના સમાન ગણે તે ભગવાન્.

૧૭ જેને કોઇની સાથે સ્નેહબંધન ન હોય તે ભગવાન્.

૧૮ જેને જગત્‌ના સર્વ જીવોપર કરૂણા હોય તે ભગવાન્.

૧૯ જેને ત્રણ કાળનું જ્ઞાન હોય તે ભગવાન્.

૨૦ જેને વસ્ત્રાભૂષણ, ખાનપાન, ફળફૂલ, ભોગવિલાસ વગેરે કોઇ પણ વિષયની ઇચ્છા ન હોય તે ભગવાન્.

૨૧ જેને શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે વિષયો તજ્યા છે તે ભગવાન્.

પાઠ ૫ મો.

ગુરૂની પિછાન.

૧ કોઇ પણ જીવની હિંસા ન કરે તે ગુરૂ.

૨ કદિ પણ જૂઠું ન બોલે તે ગુરૂ.

૩ કોઇ પણ વસ્તુ ધણીની રજા વિના ન લે તે ગુરૂ.

૪ સ્ત્રીનો સંસર્ગ ન કરે અને બ્રહ્મચર્ય પાળે તે ગુરૂ.

૫ પૈસો, ઘરબાર, ક્ષેત્ર, વાડી, ગામગરાસ, બાગબગીચા, આસન, વાહન વગેરે કોઇ જાતનો પરિગ્રહ ન રાખે તે ગુરૂ.

૬ રાત્રે ભોજન ન કરે તે ગુરૂ.

૭ વાહન ઉપર બેસે નહિ તે ગુરૂ.

૮ કોઇને ભારભૂત થાય નહિ તે ગુરૂ.

૯ કોઇને ભય ઉપજાવે નહિ અને ખોટે માર્ગે દોરે નહિ તે ગુરૂ.

૧૦ સંસારની વાતો અને સંસારી ખટપટ કરે નહિ તે ગુરૂ.

૧૧ મોહ, માયા–મમતા રાખે નહિ તે ગુરૂ.

૧૨ કલેશ, કંકાસ કરે કરાવે નહિ તે ગુરૂ.

૧૩ શાંતિ, સમાધિ ઉપજાવે તે ગુરૂ.

૧૪ કઠોર, કર્કશ, મર્મવેધક શબ્દ બોલે નહિ તે ગુરૂ.

૧૫ દેશ, ગામ, નગર, ઉપાશ્રય કે કોઇ પણ મકાનનો પ્રતિબંધ રાખે નહિ તે ગુરૂ.

૧૬ પોતે તરે અને બીજાને તારે તે ગુરૂ.

૧૭ સ્વાર્થ વિના હિતનો ઉપદેશ આપે તે ગુરૂ.

૧૮ સંયમ, તપ, જ્ઞાન, ધ્યાન અને જીવન–નિર્વાહ સિવાય બીજું કંઈ પણ કાર્ય કરે નહિ તે ગુરૂ.

૧૯ દિવસે જોઇએ તેટલું અન્ન–પાણી અને પહેરવા જોઇએ તેટલાં વસ્ત્રો અને જ્ઞાનનાં સાધનો સિવાય કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરે તે ગુરૂ.

૨૦ દેશોદેશમાં પગે ચાલી વિહાર કરે તે ગુરૂ.

૨૧ સત્ય કહેવામાં કોઇની પણ પરવા ન રાખે તે ગુરૂ.

૨૨ કોઇ પણ વખતે દીનતા ન સેવે તે ગુરૂ.

૨૩ સદા આત્માનંદી રહે તે ગુરૂ.

પાઠ ૬ ઠો.

ધર્મની પિછાન.

૧ કોઈ પણ પ્રાણીને દુઃખ ન દેવું તે ધર્મ.
૨ સત્ય બોલવું તે ધર્મ.
૩ કોઇની વસ્તુ રજા સિવાય લેવી નહિ તે ધર્મ.
૪ બ્રહ્મચર્ય પાળવું તે ધર્મ.
૫ પરિગ્રહનો ત્યાગ કરવો તે ધર્મ.
૬ શિષ્ટ પુરૂષોનો વિનય કરવો તે ધર્મ.
૭ સભ્યતા રાખવી તે ધર્મ.
૮ ક્રોધ ન કરતાં ક્ષમા રાખવી તે ધર્મ.
૯ લોભ ન કરતાં સંતોષ રાખવો તે ધર્મ.
૧૦ સરલતા રાખવી તે ધર્મ.
૧૧ કોમળતા રાખવી તે ધર્મ.
૧૨ ઇંદ્રિયોને કાબૂમાં રાખવી તે ધર્મ.
૧૩ સુપાત્રને દાન દેવું તે ધર્મ.
૧૪ યથાશક્તિ તપ કરવું તે ધર્મ.
૧૫ ચંચલતા દૂર કરી મનને સ્થિર કરવું તે ધર્મ.
૧૬ શાસ્ત્રની આજ્ઞાઓ પાળવી તે ધર્મ.
૧૭ સત્પુરૂષોનો સમાગમ કરવો તે ધર્મ.
૧૮ ગુરૂની ભક્તિ–બહુ માન કરવું તે ધર્મ.

૧૯ ગરીબો ઉપર અનુકંપા રાખવી તે ધર્મ.

૨૦ સર્વનું હિત ચિંતવવું અને બીજાને સુખે સુખી થવું તે ધર્મ.

૨૧ પોતે દુઃખ વેઠીને બીજાંને સુખ ઉપજાવવું તે ધર્મ.

૨૨ શાસ્ત્રનું અધ્યયન કરવું અને તેના ઉપર શ્રદ્ધા રાખવી તે ધર્મ.

૨૩ વડીલોની શુદ્ધ આજ્ઞા પાળવી તે ધર્મ.

૨૪ બીજાનું શુભ કામ પોતાનું જાણીને કરવું, અહંભાવ કે સ્વાર્થવૃત્તિ ન રાખવી તે ધર્મ.

૨૫ પોતાની પેદાશમાંથી અમુક હિસ્સો ધર્માદાનો કહાડી તે ધર્મનાં કાર્યોમાં વાપરી નાંખવો તે ધર્મ.

૨૬ દેશ, સમાજ અને ધર્મની સેવા બજાવવી તે ધર્મ.

૨૭ મન, વચન અને કાયાની શુદ્ધ પરિણતિ રાખવી તે ધર્મ.

પાઠ ૭ મો.

ગુરૂભક્તિ.

૧. ગુરૂ કોઇ પણ સ્થળે મળે ત્યાં ઉભા થઇ વંદના કરવી.

૨ ગુરૂ બહારગામથી આવતા હોય ત્યારે ગમે તેવું કામ મૂકીને પણ સ્હામા જવું, અને વિહાર કરે ત્યારે વળોટાવવા જવું.

૩ રસ્તામાં ગુરૂથી મ્હોડા આગળ, જોડાજોડ કે લગોલગ પાછળ ચાલવું કે ઉભા રહેવું નહિ, પણ થોડો અંતર રાખી પછવાડે ચાલવું.

૪ ગુરૂ બોલતા હોય તેની વચ્ચે બોલી ઉઠવું નહિ.

૫ ગુરૂ બોલાવે તો એકદમ ઉભા થઇ જવાબ આપવો, પણ સાંભળ્યું અણસાંભળ્યું કરવું નહિ.

૬ ગુરૂની સામે કઠોરતાથી કે તોછડાઇથી બોલવું નહિ.

૭ ગુરૂ જે કાંઇ આદેશ કરે તે આદરપૂર્વક સ્વીકારવો.

૮ ગુરૂના અવર્ણવાદ બોલવા નહિ અને કોઇ બોલતો હોય તેને અટકાવવો.

૯ ગુરૂને કોંઇ પણ રોગાદિકની તકલીફ હોય તો તેનો પોતાથી બનતો ઉપચાર કરવો.

૧૦ ગુરૂને જ્ઞાનાદિકનાં યોગ્ય સાધનો મેળવી આપવાં.

૧૧ ગુરૂને જ્ઞાનાભ્યાસમાં અંતરાય પાડવો નહિ.

૧૨ ગુરૂનું બહુમાન કરી તેમના ગુણો પ્રકાશમાં લાવવા.

૧૩ ગુરૂ પોતાને આસનેથી ઉઠી બીજે જાય ત્યારે અને બીજે સ્થાનેથી આસને આવે ત્યારે ઉઠી ઉભા થવું પણ બેસી રહેવું નહિ.

૧૪ ગુરૂની વેયાવચ્ચ સેવાભક્તિ યોગ્ય રીતે કરવી.

૧૫ ગુરૂને કલ્પતી અને ખપતી ચીજ વહોરાવવામાં સંકુચિત મન ન રાખવું.

૧૬ સાધુને ખપતી ચીજો અસુઝતી ન રાખવી.

પાઠ ૮ મો.

ધર્મસ્થાન–પ્રવેશ.

જ્યાં ધર્મક્રિયા કરાય છે અને ધર્મગુરૂ ઉતરે છે, તે ધર્મસ્થાન–ઉપાશ્રય કહેવાય. તેની મર્યાદા જાળવવાને નીચેના નિયમો પાળવા જોઇએઃ–

૧ શરીર કે વસ્ત્રો ઉપર લોહી, પરૂ, વિષ્ટા કે કોઈ પણ અશુચિના ડાઘા હોય કે શરીરના કોઇ ભાગમાંથી રસી નિકળતી હોય તો તેવે શરીરે કે તેવે વસ્ત્રે ઉપાશ્રયમાં આવવું નહિ.

૨ શરીરનાં અવયવો દેખાય તેવાં બારીક આછકડાં લુગડાં પ્હેરી આવવું નહિ.

૩ ગરબડ કરે કે અશુચિ કરી જાય તેવાં ન્હાનાં છોકરાંઓને રમાડવા સાથે લાવવાં નહિ.

૪ સચિત્ત વસ્તુ–ફળ, ફૂલ, શાક, ભાજી, લીલોતરી, કાચું પાણી, દાણા, આખી સોપારી, એલચી વગેરે ચીજો સાથે લાવવી નહિ.

૫ ધર્મસ્થાનની મર્યાદા લોપાય તેવી ગુનાહિત સ્થિતિમાં આવવું નહિ.

૬ બહારથી આવી ઉપાશ્રયની હદમાં પીસાબ કરવો નહિ.

૭ ઉપાશ્રયની અંદર કે બહાર જવા આવવાના રસ્તામાં લીંટ કે ગળફા નાંખવા નહિ.

૮ એક પનાના વસ્ત્રનું ઉત્તરાસન કર્યા વિના આવવું નહિ.
૯ ધર્મસ્થાનના બેઠકના હોલમાં પગરખાં–ચાખડી પહેરી આવવું નહિ; સૂત્રની સઝાય કે વ્યાખ્યાન થતું હોય તે હોલમાં સાંસારિક લુગડાં ઉતારવાં કે રાખવાં નહિ.
૧૦ કીડી વગેરે જંતુઓ ચ્હડે તેવા પદાર્થો લઈ આવવું નહિ.
૧૧ રજસ્વલા સ્ત્રીએ અપવિત્રતા હોય ત્યાંસુધી આવવું નહિ.
૧૨ ઉપાશ્રયના દ્વારમાં પેસતાં "निसही" શબ્દ ઉચ્ચારવો.
૧૩ અંદર આવી ઇરિયાવહીનો કાઉસગ્ગ કરવો.

પાઠ ૯ મો.

ધર્મસ્થાનની મર્યાદા.

૧ સાંસારિક વાર્તાઓ, નોવેલ, શૃંગારિક કવિતાઓ કે બિભત્સ પુસ્તકો ધર્મસ્થાનમાં લાવવાં નહિ, તેમ વાંચવાં નહિ.
૨ ધર્મસ્થાનમાં ધાર્મિક અને નૈતિક વિષય સિવાયનાં માસિકો કે ન્યુસપેપરો વાંચવાં નહિ.
૩ ધર્મસ્થાનમાં ન્યાતની કે ગામની પંચાયતો કરવી નહિ.
૪ ધર્મસ્થાનમાં સાંસારિક ધંધો કે તેની વાતો કરવી નહિ.
૫ ધર્મસ્થાનમાં મંત્ર–જંત્ર કે જ્યોતિષ્‌ના ફળાફળની કે વસ્તુઓના ભાવપાડની વાતો કરવી નહિ.
૬ ધર્મસ્થાનમાં વૈદકનો ધંધો તેમજ તે સંબંધી વાતચીત કરવી નહિ.

૭ ધર્મસ્થાનમાં જુગાર કે સોદા સટ્ટા કરવા નહિ.

૮ ધર્મસ્થાનમાં વાજીંત્ર વગાડવાં નહિ, તેમજ ગાન નાચ કરાવવાં નહિ.

૯ ધર્મસ્થાનમાં સગપણ, વિવાહ વગેરેનાં કાર્ય કરવાં નહિ.

૧૦ ધર્મસ્થાનમાં ક્રય વિક્રય કે લેતી દેતી સંબંધી વ્યવહાર કરવો નહિ.

૧૧ ધર્મસ્થાનમાં ઘર સંબંધી તેમજ વ્યાપાર સંબંધી કોઇ પણ કામ કરવું નહિ.

૧૨ ધર્મસ્થાનમાં ગંજીફો, ચોપાટ, ગેડી દડા, બેટબોલ વગેરે રમતો રમવી નહિ.

૧૩ ધર્મસ્થાનમાં જમણવાર, મીજબાની, ચાપાર્ટી વગેરે કરવાં કરાવવાં નહિ.

૧૪ ધર્મસ્થાનમાં સ્નાન, મંજન, માથું ગુંથવું, હજામત વગેરે શરીર શુશ્રૂષાનાં કાર્ય કરવાં નહિ.

૧૫ ધર્મસ્થાનમાં ભરત, ગુંથણ, સીવણ વગેરે સાંસારિક કાર્યો કરવાં નહિ.

૧૬ ધર્મસ્થાનમાં તમાકુ, જરદો, પાનસોપારી વગેરે ખાવાં નહિ.

૧૭ ધર્મસ્થાનમાં બીડી, ચલમ, ગાંજો, સિગારેટ, હુક્કો વગેરે ધૂમ્રપાન કરવું નહિ.

૧૮ ધર્મસ્થાનમાં ટાઢું પાણી, ચ્હા, નાસ્તા, ફળફૂલ વગેરે ખાવાં નહિ.

૧૯ ધર્મસ્થાનમાં જોખમભરેલી કોઇ પણ વસ્તુ રાખવી નહિ.

૨૦ ધર્મસ્થાનમાં જૂ, માંકડ વગેરે ક્ષુદ્ર પ્રાણી મૂકવાં નહિ.

૨૧ ધર્મસ્થાનમાં બળખા, લીંટ, વગેરે વસ્ત્રમાં નાંખવા નહિ, તેમજ પગ, જમીન કે ભીંતો ઉપર ચોપડવા નહિ.

૨૨ ધર્મસ્થાનમાં મેલી મુહપત્તિઓ કે લુગડાંના કકડા મૂકવા નહિ.

૨૩ ધર્મસ્થાનમાં છાણ વગેરેથી ખરડાયેલ પગ જમીનપર ઘસી ધર્મસ્થાનની પવિત્ર જમીન બગાડવી નહિ.

પાઠ ૧૦ મો.

ધર્મસ્થાનમાં ભાષાની મર્યાદા.

૧ ધર્મસ્થાનમાં ક્લેશ કંકાસ થાય અને કષાય વધે તેવી ભાષા બોલવી નહિ.

૨ ધર્મસ્થાનમાં તુંકારે હુંકારે બિભત્સ શબ્દે કે અપમાનભર્યા શબ્દથી કોઇને બોલાવવા નહિ.

૩ ધર્મસ્થાનમાં અવિનયી શબ્દો વાપરવા નહિ, તેમજ કોઇને ગાળ દેવી નહિ.

૪ ધર્મસ્થાનમાં વિખવાદ ઉત્પન્ન થાય તેવી રીતે વાદ કરવો નહિ.

૫ ધર્મસ્થાનમાં ગર્વભરેલા શબ્દો બોલવા નહિ.

૬ ધર્મસ્થાનમાં કઠોર, કર્કશ, પરને પીડાકારી, મર્મભેદક, પરના રહસ્ય પ્રકાશક શબ્દો વાપરવા નહિ, તેમજ બીજાને પ્રાશકો પડે તેવાં વચનો ઉચ્ચારવાં નહિ.

૭ ધર્મસ્થાનમાં સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા વગેરે કોઇ પણ જાતની વિકથા—ફોકટની વાતો કરવી નહિ.

૮ ધર્મસ્થાનમાં માયા—કપટથી પ્રપંચયુક્ત ભાષણ કરવું નહિ.

૯ ધર્મસ્થાનમાં હાંસી—મશ્કરી કે કોઇની ઠઠાબાજી કરવી નહિ.

૧૦ ધર્મસ્થાનમાં સાવદ્ય, અપ્રિય અને અસત્ય ભાષણ કરવું નહિ.

૧૧ ધર્મસ્થાનમાં કાણાને કાણો, આંધળાને આંધળો, ચોરને ચોર અને કોઇ પણ ખોડવાળાને તે ખોડથી બોલાવવો નહિ.

૧૨ ધર્મસ્થાનમાં શૃંગારી ગાયનો કે શૃંગારી વાર્તાઓ કરવી નહિ.

૧૩ ધર્મસ્થાનમાં ફારસી, સંકેતવાળા, બીજાઓને વ્હેમ પડે તેવા શબ્દો બોલવા નહિ.

૧૪ ધર્મસ્થાનમાં સ્ત્રીએ પુરૂષ સાથે અને પુરૂષે સ્ત્રી સાથે એકાંતમાં રહી વાર્તાલાપ કરવો નહિ.

૧૫ ધર્મસ્થાનમાં રાજ્ય વિરૂદ્ધ ગણાય તેવી વાતો કે ભાષણો આપવાં નહિ.

૧૬ ધર્મસ્થાનમાં કોઇની પણ નિન્દા કુથલી કરવી નહિ.

૧૭ ધર્મસ્થાનમાં જયજિનેંદ્ર સિવાય જુહાર, રામ રામ કે સલામ એવા વ્યાવહારિક આદર સત્કારના શબ્દો બોલવા નહિ.

પાઠ ૧૧ મો.

ધર્મસભામાં પ્રવેશ અને વંદનાવિધિ.

જ્યાં ધર્મગુરૂ ઉપદેશ આપે અને શ્રોતાઓ સાંભળવાને બેસે તે ધર્મસભા કહેવાય, તેની મર્યાદા જાળવવાના નિયમો નીચે પ્રમાણે છે:—

૧ ગુરૂના ઉપર દૃષ્ટિ પડતાં બે હાથ મસ્તકે અડાડવા.

૨ સંકોચ્યા વિના ફળફળતે વસ્ત્રે સભામાં દાખલ થવું નહિ.

૩ નીચી દૃષ્ટિ રાખી યતનાએ દાખલ થવું.

૪ કોઇને ઠેશ ન લાગે અને ધર્મોપકરણ ઉપર પગ ન આવે તેવી રીતે ચાલવું.

૫ ગુરૂની બેઠકથી અઢી હાથ દૂર રહી વંદના કરવી.

૬ પંચ અંગ નમાવી તિખુત્તોનો પાઠ ઉચ્ચારતાં ત્રણ વાર ઉઠબેસ કરી વંદના કરવી.

૭ વંદના કરતાં હાથ પગ જે જમીન ઉપર રાખવાના હોય તે જમીન દૃષ્ટિથી જોઇ રજોહરણ, ગુચ્છો કે વસ્ત્રના છેડાથી પુંજવી.

૮ વંદના કરી હળવે-કોમળ હાથે ગુરૂના ચરણની રજ લઇ મસ્તકે અડાડવી અને ગુરૂને સુખશાતા પૂછવી.

૯ માણસોની ગરદી હોય તો ચરણરજ લેવાને ધક્કાધક્કી કરવી નહિ.

૧૦ વરસાદથી ભિંજેલા હાથ પગ કે વસ્ત્રો સુકાયાં ન હોય ત્યાંસુધી વ્રતી અને ગુરૂના ચરણનો સ્પર્શ કરવો નહિ.

૧૧ માણસો ભરાઇ ગયા હોય અને ચાલવાની જગ્યા ન હોય તો માણસોને કચડી અંદર ઘસવું નહિ, પણ દૂરથી જ વંદના કરી ઉચિત સ્થાને બેસવું.

૧૨ સ્ત્રીઓએ સ્ત્રીઓની સભામાં અને પુરૂષોએ પુરૂષોની સભામાં જવાનું જે દ્વાર હોય તે દ્વારે કે તે માર્ગે પ્રવેશ કરવો.

પાઠ ૧૨ મો.

સભામાં બેસવાના નિયમો.

૧ માણસોના આવવાના માર્ગમાં બેસવું નહિ.

૨ સ્ત્રીઓની સભા સામે મુખ રાખી બેસવું નહિ.

૩ સ્ત્રીસભા અને પુરૂષસભા વચ્ચે થોડો પણ અંતર રાખી બેસવું.

૪ બેસવાની જગ્યા દૃષ્ટિથી જોયા વિના કે રજોહરણ ગુચ્છાથી પુંજ્યા વિના બેસવું નહિ.

૫ પથરાણું જતનાથી પાથર્યા વિના બેસવું નહિ.

૬ સામાયક કે સંવર કંઈ પણ વ્રત લઇને બેસવું.

૭ પોતાના દરજ્જા પ્રમાણે આગળ કે પાછળ, ગુરૂ સન્મુખ દૃષ્ટિ રાખીને બેસવું.

૮ પાટ ભિંત કે થાંભલાને અઢેલી બેસવું નહિ.
૯ વસ્ત્ર કે ભુજાથી પલાંઠી બાંધી બેસવું નહિ.
૧૦ લાંબા પગ પ્રસારી બેસવું નહિ.
૧૧ પગ ઉપર પગ ચઢાવી બેસવું નહિ.
૧૨ બારી બારણામાં ઉંચે ચડી બેસવું નહિ.
૧૩ ગુરૂથી ઉંચે આસને બેસવું નહિ.
૧૪ ગુરૂને લગોલગ અડીને બેસવું નહિ.
૧૫ પંક્તિબંધ બેસવું પણ આડાઅવળા બેસવું નહિ.
૧૬ ગાદીતકીયા કે ચાકળા નાંખી બેસવું નહિ.
૧૭ બેસવાની જગા માટે તકરાર કરવી નહિ, જ્યાં ખાલી હોય ત્યાં બેસી જવું.
૧૮ ગુરૂના આસન ઉપર બેસવું નહિ તેમ ગુરૂના ધર્મોપકરણને પગ લગાડી આશાતના કરવી નહિ.

પાઠ ૧૩ મો.

વ્યાખ્યાનના શ્રવણનો વિધિ.

૧ વ્યાખ્યાન વાંચનાર વાંચવા આવે ત્યારે અને વાંચી જાય ત્યારે શ્રોતાઓએ ઉઠી ઉભા થવું.
૨ વ્યાખ્યાનના પ્રારંભ અને સમાપ્તિ વખતે ઉભા થવું.

૩ વ્યાખ્યાન પૂરૂં થયે કંઈ પણ વ્રત નિયમ કરવા.

૪ વ્યાખ્યાન વચ્ચે બોલચાલ કરવી નહિ.

૫ પચ્ચખાણ લેવાં હોય તો ચોક્કસ વખતે એકી સાથે પચ્ચખાણ લઈ લેવાં, પણ વારંવાર વ્યાખ્યાનમાં ભંગાણ પાડવું નહિ.

૬ વ્યાખ્યાન વચ્ચે કોઈ સાથે વાતચીત કરવી નહિ.

૭ વ્યાખ્યાન વચ્ચે ઉઠબેસ કરવી નહિ.

૮ વ્યાખ્યાન વચ્ચે સ્ત્રીઓ તરફ વિકારદૃષ્ટિથી જોવું નહિ.

૯ વ્યાખ્યાન વચ્ચે આડી અવળી દૃષ્ટિ ફેરવવી નહિ.

૧૦ વ્યાખ્યાન વચ્ચે આલસ્ય મરડવું નહિ અને ઉંઘવું કે ઝોલાં ખાવાં નહિ.

૧૧ વ્યાખ્યાન વચ્ચે મોટે અવાજે સામાયકના પાઠ ઉચ્ચરવા નહિ.

૧૨ વ્યાખ્યાન વચ્ચે નોકારવાળી, અનુપૂર્વી કે પુસ્તકો વાંચવાં નહિ.

૧૩ વ્યાખ્યાન વચ્ચે સ્વાધ્યાય કે પાઠ કરવો નહિ.

૧૪ વ્યાખ્યાન વચ્ચે શ્રવણ સિવાય બીજી કોઇ પણ ક્રિયા કરવી નહિ.

૧૫ વ્યાખ્યાન વચ્ચે ચાલતા સંબંધ સિવાય જે તે પ્રશ્નો પૂછવા નહિ.

૧૬ વ્યાખ્યાન વચ્ચે કારણ સિવાય ઉઠી ચાલ્યા જવું નહિ.

૧૭ વ્યાખ્યાન વચ્ચે બીજાને ઉપદેશ આપવો નહિ કે વ્યા-

ખ્યાનનો વિષય પોતે જાણતો હોય તો તે વિષે આગળથી બીજાઓને કહેવું નહિ.

૧૮ વ્યાખ્યાનના વિષયની અવગણના કરવી નહિ.

૧૯ વક્તાની ભૂલ હોય તોપણ સભા સમક્ષ તેનું અપમાન કરી ખષ્ટ કરવા નહિ.

૨૦ સાંભળવામાં ન્હાના મ્હોટા સાધુ કે સંઘાડા પરસંઘાડાની ભેદભાવના રાખવી નહિ, નિષ્પક્ષપાતથી શ્રવણ કરવું.

૨૧ સભામાંના કોઇ પણ સભાસદ ઉપર વૈરભાવ કે દ્વેષભાવ રાખવો નહિ.

૨૨ મનની વૃત્તિઓ એકાગ્ર કરી આદિથી અંતસુધી એક ચિત્ત ખરી લાગણીથી શ્રવણ કરવું.

૨૩ સામાયકાદિ વ્રત ગુરૂની આજ્ઞા લઇ પોતાની મેળે બાંધી લેવાં, ચાલતા વ્યાખ્યાનમાં અંતરાય પાડવો નહિ.

પાઠ ૧૪ મો.

જ્ઞાનમર્યાદા.

૧ ધર્મપુસ્તકને પોતાના આસન કરતાં નીચે આસને મૂકવું નહિ.

૨ ધર્મપુસ્તકને પગ લગાડવો નહિ, તેમ તેના ઉપર સૂવું-બેસવું નહિ.

૩ ધર્મપુસ્તકને જમીનપર રખડતું મૂકવું નહિ, પણ ઠવણી ઉપર મૂકવું કે પાટલી સાથે સારા બાંધણામાં બાંધી રાખવું.

૪ ધર્મપુસ્તકની સ્હામે પગ લાંબા કરવા નહિ, તેમ તે તરફ પુંઠ કરવી નહિ.

૫ ધર્મપુસ્તકને થુંકવાળી આંગળી અડાડવી નહિ.

૬ ચોક્કસ વખતે ધર્મપુસ્તકોનું પડિલેહણ કરવું.

૭ કોઇનું પણ પુસ્તક ડાઘાડુઘાથી બગાડવું નહિ, તેમ તેનો નાશ ન કરવો.

૮ જ્ઞાની પુરૂષની અવહેલના, નિંદા કે અપમાન કરવું નહિ.

૯ કોઇને પણ જ્ઞાન મેળવવામાં અંતરાય પાડવો નહિ.

૧૦ જ્ઞાનનો ખોટો દંભ–આડંબર કરવો નહિ.

૧૧ અકાળ અને અસઝાયમાં સૂત્રનો ઉચ્ચાર કરવો નહિ.

૧૨ હ્રસ્વનો દીર્ઘ અને દીર્ઘનો હ્રસ્વ વગેરે અશુદ્ધ ઉચ્ચાર કરવો નહિ.

૧૩ સૂત્ર વાંચનના પ્રમાણમાં ઉપધાન તપ કરવું.

૧૪ ગુરૂગમ વિના સૂત્રનો ઉપદેશ દેવા બહાર પડવું નહિ.

૧૫ ન સમજાય તેવા વિષયમાં ખોટી કલ્પના કરવી નહિ.

૧૬ ઉત્સૂત્ર ભાષણ કરવું નહિ, તેમજ શંકા હોય તો તેનું સમાધાન કરવું, પણ શંકા વેદવી નહિ.

૧૭ સૂતાં સૂતાં કે આડે પડખે પડચાં પડચાં વાંચવું નહિ.

૧૮ ગુરૂને વંદના કર્યા સિવાય પ્રશ્નો પૂછવા નહિ, તેમ વાંચણી લેવી નહિ.

૧૯ ગુરૂનો ઉપકાર ઓળવવો નહિ, પણ વિદ્યા આપનારનો સત્કાર–બહુમાન કરવું.
૨૦ શાસ્ત્રનાં પવિત્ર વાકયો અનાદરથી જયાં ત્યાં ઉચ્ચરવાં નહિ.
૨૧ યોગ્યતા ઉપરાંત શાસ્ત્રીય વાંચન કરવું–કરાવવું નહિ.
૨૨ ઉઘાડે મુખે અને દીવો કરી શાસ્ત્ર વાંચવું નહિ.
૨૩ અપવિત્ર સ્થાને ધર્મપુસ્તકો રાખવાં નહિ.
૨૪ વ્યાવહારિક જ્ઞાનનું ચણતર ચણવાને ધાર્મિક જ્ઞાનનો પાયો પ્રથમથી જ નાંખવો.

પાઠ ૧૫ મો.

અસઝાયની સમજ.

જેના યોગમાં પવિત્ર શાસ્ત્રનો ઉચ્ચાર થઈ શકે નહિ, તે અસઝાય કહેવાય: તે આ પ્રમાણે:—

૧ હાંડકું, માંસ, રૂધિર, વિષ્ટા અને પંચેંદ્રિયનું કલેવર જે મકાનની હદમાં પડયું હોય તે હદમાં શાસ્ત્ર વાંચવું નહિ. (અસઝાય).
૨ રાજા કે મ્હોટા માનનીય માણસનું મરણ થાય ત્યારે અસઝાય.
૩ મ્હોટી લડાઇ ચાલતી હોય ત્યારે તે હદમાં અસઝાય.
૪ મ્હોટો તારો ખરે કે ઉલ્કાપાત થાય ત્યારે અસઝાય.

૫ ચંદ્ર સૂર્યનું ગ્રહણ રહે ત્યાંસુધી અસઝાય.

૬ દિશાઓ પડી જાય, ધુંધલી થાય ત્યારે અસઝાય.

૭ સ્વાતિ નક્ષત્ર પછી અને આર્દ્રા નક્ષત્ર પહેલાં કડાકા, ગાજવીજ, છાંટા કે વરસાદ થાય તો તેટલો વખત અસઝાય.

૮ ધુમર, ઝાકળ અને મેઘરવો પડે ત્યાંસુધી અસઝાય.

૯ પ્રચંડ વાયુથી રજોવૃષ્ટિ થાય ત્યાંસુધી અસઝાય.

૧૦ ભૂતાદિકના ચાળા થાય ત્યારે અસઝાય.

૧૧ સુદની બીજના ચંદ્રનો ઉદય થયા પછી બે ઘડી સુધી અસઝાય.

૧૨ અશાડ સુદ ૧૫ અને વદ ૧, ભાદરવા સુદ ૧૫ અને વદ ૧, કારતક સુદ ૧૫ અને વદ ૧, ચૈત્ર સુદ ૧૫ અને વદ ૧, એ આઠ દિવસ આખા દિવસની અસઝાય.

૧૩ દરરોજ સવારે અને સાંઝે સંધ્યાની બે ઘડી, મધ્યરાત્ર અને મધ્યાહ્નની બે ઘડી, એમ એક દિવસમાં આઠ ઘડી અકાળ—અસઝાય.

પાઠ ૧૬ મો.

અભક્ષ્યનો ત્યાગ.

૧ કોઇ પણ જાતના દારૂ કે માંસ વાપરવાં નહિ.

૨ મધ તથા માખણ ખાવાં નહિ.

૩ ડુંગળી, લસણુ વગેરે કંદમૂળ ખાવું નહિ.
૪ વડ, પીપળ, ઉંબર વગેરે વૃક્ષનાં ફળ ખાવાં નહિ.
૫ તાડફળ, પંડોલ, ખરાબ દેખાવની વસ્તુ ખાવી નહિ.
૬ વરસાદના કરા ખાવા નહિ.
૭ સોમલ, વછનાગ, અફીણ વગેરે વિષ ભક્ષણ કરવું નહિ.
૮ રાત્રિભોજન કરવું નહિ.
૯ બોળ અથાણું ખાવું નહિ.
૧૦ અજાણ્યાં ફળ ફૂલ કે વનસ્પતિ વાપરવી નહિ.
૧૧ બગડેલ અનાજ, મીઠાઈ, દૂધ, ફળ, ઘી વગેરે ખાવાં નહિ.
૧૨ એઠાં અનાજ પાણી વાપરવાં નહિ.
૧૩ મેંદો પડ સુધીની બનેલી ચીજો ખાવી નહિ.
૧૪ અવિધિએ પકવેલ ફળ શાકાદિક ખાવાં નહિ.
૧૫ કોડલીવર ઓઇલ વગેરે ભ્રષ્ટ દવાઓ વાપરવી નહિ.

પાઠ ૧૭ મો.

સામાયકનો વિધિ.

૧ બને ત્યાંસુધી પ્રભાતમાં, નહિતો જ્યારે એક કલાકનો અવકાશ હોય ત્યારે પવિત્ર શરીરે પવિત્ર સ્થાનમાં સામાયક કરવું.

૨ સામાયકનાં વસ્ત્રો અલગ રાખવાં જોઇએ. એક પહેરવાનું

અને એક ઓઢવાનું એમ બે ખુલ્લાં વસ્ત્ર સફેદ અને સ્વચ્છ રાખવાં.

૩ સામાયકમાં બંડી, અંગરખું, ગંજીફરાક, કોટ, પાટલુન, ટોપી, પાઘડી, મોજાં, ફૂલની માળા કે કોઇ પણ સંસારનાં લુગડાં પહેરાય નહિ.

૪ સ્ત્રીઓને માટે ઉપરનો નિયમ નથી; તેમણે સ્ત્રીનો પોષાક રાખવાનો છે પણ તે સાદો અને સ્વચ્છ જોઇએ.

૫ પથરણું (કટાસણું), ગુચ્છો, મુહપત્તિ, માળા અને પહેરવા ઓઢવાનું એકેક વસ્ત્ર, એટલાં સામાયકનાં ઉપકરણો છે.

૬ એ ૭ ઉપકરણો મલીન કે ગંદાં ન રાખવાં કેમકે ચોમાસામાં તેમાં લીલફૂલ થવાનો સંભવ રહે અને દેખાવ ખરાબ લાગે.

૭ સામાયક કરનારે પ્રથમ છએ ઉપકરણોનું પડિલેહણ કરવું; પછી સંસારી લુગડાં બદલાવી સામાયકનાં બે વસ્ત્રો ધારણ કરવાં.

૮ જમીન પુંજી, પથરાણું પાથરી, મુહપત્તિ બાંધી, ગુરૂ હોય તો તેમને વંદન કરી, ન હોય તો પૂર્વ તથા ઉત્તર દિશા તરફ મુખ રાખી ઉભા રહી કે બેઠે બેઠે સામાયકના પાઠ ઉચ્ચારવા.

૯ સામાયકના આઠ પાઠમાં પ્રથમના ચાર પાઠ અનુક્રમે ઉચ્ચારી જવા, પછી ઇરિયાવહીયાનો કાઉસગ્ગ કરવો.

૧૦ કાઉસગ્ગ એટલે કાયાને સ્થિર રાખવી, હાથ, પગ, હોઠ,

જીભ કે આંખની પાંપણુ સુદ્ધાં હલાવાય નહિ; બધાં અંગો સ્થિર રાખી ઇરિયાવહીયાનો પાઠ મનમાં સ્મરી જવું તે કાઉસગ્ગ.

૧૧ કાઉસગ્ગ ઉભાં ઉભાં કરવો હોય તો હાથ લાંબા સાથળને અડાડી, દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગપર ઠેરવવી; બેઠાં બેઠાં કરવો હોય તો પલાંઠી વાળી હાથની બંને હથેળી એક બીજા ઉપર રાખી દૃષ્ટિ નાસિકાએ રાખવી.

૧૨ 'નમો અરિહંતાણું' બોલી કાઉસગ્ગ પાળ્યા પછી લોગસ્સનો પાઠ બોલી ગુરૂને ત્રણુ વાર વંદન કરી આજ્ઞા માગવી અને પછી કરેમિ ભંતેનો પાઠ બોલી જમણો ઢીંચણુ જમીનપર રાખી ડાબો ઢીંચણુ ઉંચો રાખી ત્રણુ નમોથ્થુણં કહેવાં.

૧૩ ઓછામાં ઓછું બે ઘડીનું સામાયક થાય; એકી ઘડીએ ન થાય પણુ બેકી ઘડીએ એટલે ૨–૪–૬–૮ ઘડીએ થાય.

૧૪ સામાયકના કાળમાં ધર્મ સિવાય બીજું કંઇ પણુ કામ થાય નહિ.

૧૫ સામાયકના કાળમાં ધર્મપુસ્તક વાંચવું, વ્યાખ્યાન સાંભળવું, સઝાય કરવી, ધ્યાન ધરવું, માળા ફેરવવી, ધર્મચર્ચા કે જ્ઞાનચર્ચા કરવી.

૧૬ સામાયકના બત્રીશ દોષ ટાળી શુદ્ધ સામાયક કરવું.

૧૭ બે ઘડી કે ચાર ઘડી પૂરી થયા પછી સામાયક પાળવું હોય ત્યારે લોગસ્સ સુધી પૂર્વની પેઠે બોલી જવું. કરેમિ

ભંતેને બદલે પાળવાની વિધિના પાઠો બોલવા અને પછી ત્રણ નમોથ્થુણું કહેવાં.

૧૮ સામાયકનાં લુગડાં જુદા પથરણામાં જ બાંધવાં, મુહપત્તિ જો થુંકથી પલળી હોય તો સુકાવ્યા વિના બાંધવી નહિ; લીલી ને લીલી રહેવાથી સંમૂર્છિમ જીવ ઉત્પન્ન થાય.

૧૯ સામાયકનાં ઉપકરણો મલીન થયાં હોય તો અચેત પાણીથી સાફ કરવાં પણ ઠંડા પાણીથી નહિ.

પાઠ ૧૮ મો.

સામાયકના ૩૨ દોષો.

મનના ૧૦ દોષો.

૧ અવિવેક દોષ—સામાયકનો લાભ કે સ્વરૂપ સમજ્યા વિના ઓઘસંજ્ઞાએ કરે તે.

૨ યશોવાંચ્છા દોષ—સામાયકમાં યશકીર્તિની વાંચ્છા કરે તે.

૩ ધનવાંચ્છા દોષ—સામાયકમાં ધનની ઇચ્છા રાખે તે.

૪ ગર્વ દોષ—સામાયકનું અભિમાન કરે તે.

૫ ભય દોષ—ભાવ વિના માત્ર લોકાપવાદના ભયથી કરે તે.

૬ નિદાન દોષ—સામાયકના ફળનું નિયાણું કરે તે.

૭ સંશય દોષ—સામાયકના ફળનો સંદેહ રાખે તે.

૮ કષાય દોષ—સામાયકમાં ક્રોધ, માન, માયા, લોભ કરે તે.

૯ અવિનય દોષ—સામાયકમાં ગુર્વાદિકનો દ્રોહ કરે તે.
૧૦ અપમાન દોષ—સામાયકને તુચ્છ સમજી અનાદરપૂર્વક કરે તે.

વચનના ૧૦ દોષો.

૧ કુત્સિત દોષ—સામાયકમાં કુત્સિત—બિભત્સ વચન બોલે તે.
૨ સહસા દોષ—અણુવિચાર્યું સાહસિક વચન બોલે તે.
૩ અસદારોપણ દોષ—કોઇના ઉપર અસત્ય આરોપ મૂકે તે.
૪ નિરપેક્ષ દોષ—શાસ્ત્રની અપેક્ષા વિના એકાંતિક વચન બોલે તે.
૫ સંક્ષેપ દોષ—સામાયકના પાઠો સંક્ષેપથી અધૂરા બોલે તે.
૬ કલહ દોષ—કોઈની સાથે કલેશ કંકાસ કરે તે.
૭ વિકથા દોષ—ચાર પ્રકારની વિકથા કરવી તે.
૮ હાસ્ય દોષ—કોઇની હાંસી—મશ્કરી કરવી તે.
૯ અશુદ્ધ દોષ—અશુદ્ધ ઉચ્ચાર કરે અથવા ચકાર મકારાદિ વચન બોલે તે.
૧૦ મુમ્મણ દોષ—માખીની પેઠે બણબણ કરતાં પાઠના શબ્દો અવ્યક્ત રીતે બોલે તે.

કાયાના ૧૨ દોષો.

૧ અયોગ્યાસન દોષ—પગ ઉપર પગ ચડાવી કે લુગડાથી પલાંઠી બાંધી વગેરે અયોગ્ય આસને બેસે તે.
૨ ચલાસન દોષ—વારંવાર આસન બદલાવે કે હિંડોળા વગેરે અસ્થિર આસને બેસે તે.

૩ ચલદૃષ્ટિ દોષ—ચારે તરફ ડોળા ફેરવ્યા કરે કે વિષયી નજરથી સ્ત્રીઓ તરફ તાકે તે.

૪ સાવદ્યક્રિયા દોષ—સામાયકમાં છોકરાં રમાડવાં, લુગડાં સીવવાં, નામું કરવું વગેરે સંસારી કામો કરે તે.

૫ આલંબન દોષ—ભીંત, થાંભલા વગેરેને અઢેલીને બેસે તે.

૬ આકુંચન પ્રસારણ દોષ—વગર કારણે વારંવાર શરીરના અવયવો સંકોચે પ્રસારે તે.

૭ આલસ્ય દોષ—આલસ્ય મરડે, બગાસાં ખાય, આડે પડખે પડે વગેરે.

૮ મોટન દોષ—અંગુલિ પ્રમુખ મરડી ટચાકા ફોડે તે.

૯ મલ દોષ—પુંજ્યા વિના ખાજ ખણે અથવા શરીરનો મેલ ઉતારે તે.

૧૦ વિમાસણ દોષ—ગલહથો દઇ સંસારના કામકાજની વિમાસણ, શોક, દિલગીરી કરે તે.

૧૧ નિદ્રા દોષ—ઝોલાં ખાય કે નિદ્રા લે તે.

૧૨ વેયાવચ્ચ દોષ—વિના કારણે અંગ ચંપાવે તે.

પાઠ ૧૯ મો.

પોષધનો વિધિ.

૧ સામાયકના છ ઉપકરણો પોષધમાં પણ વપરાય તે ઉપરાંત સુવાની પથારી માટે ત્રણ ઓછાડ રાખવા, તે પણ

સફેદ સાદા અને સ્વચ્છ હોવા જોઇએ.

૨ પ્રથમ જગ્યા પુંજી ઉપકરણોનું પડિલેહણુ કરવું.

૩ સંસારી વસ્ત્રો ઉતારી ધર્મનાં પહેરવા ઓઢવાનાં વસ્ત્રો ધારણ કરવાં; સ્ત્રીઓએ પોતાનો સાદો પોષાક રાખવો.

૪ પોષામાં કંઇ પણ ખવાય કે પીવાય નહિ, તમાકુ પણ સુંઘાય નહિ અર્થાત્ ચોવિહારો ઉપવાસ કરવો જોઇએ.

૫ પોષામાં કોઇ પણ જાતનું હથીયાર રખાય નહિ.

૬ ઝવેરાત કે સોના રૂપાનું કોઇ પણ આભરણ પોષામાં પહેરાય નહિ; સ્ત્રીઓથી ન ઉતારી શકાય તે સિવાયના દાગીના પોષામાં રાખવા નહિ.

૭ ચંદન, વિલેપન કે પુષ્પમાળા પોષધમાં ધારણ કરી શકાય નહિ.

૮ સામાયકની માફક સાદાં બે વસ્ત્રો પહેરી, પથરણું પાથરી, મુહપત્તિ બાંધી, ગુરૂ સન્મુખ અથવા પૂર્વ ઉત્તર દિશાભિમુખ ઉભા રહી, સામાયકની પેઠે લોગસ્સ સુધીના પાઠ બે વાર સુધી ઉચ્ચરી જવા.

૯ વંદનપૂર્વક આજ્ઞા માગી ગુરૂ પાસે અગર ગુરૂ ન હોય તો પોતાની મેળે અગીયારમા વ્રતનો આગલો ભાગ ઉચ્ચારી પોષધ બાંધવું; ત્યારપછી પૂર્વવત્ ત્રણ નમોથ્થુણં કહેવાં એટલે બાંધવાનો વિધિ પૂરો થયો.

૧૦ પોષધકાળ સૂર્યોદયથી શરૂ થતાં બીજે દિવસે સૂર્યોદય

થાય ત્યાંસુધી પૂરો થાય એટલે આઠ પહોરનો પોષધ થાય.

૧૧ પોષામાં દિવસે સુવાય નહિ, તેમ કામ સિવાય હર ફર કરાય નહિ.

૧૨ સામાયકમાં દર્શાવેલ કાર્ય જ પોષામાં થાય પણ બીજું કાર્ય ન થાય.

૧૩ સાંજે અને બીજે દિવસે સ્હવારે મ્હોટા શ્રાવકની આજ્ઞા લઇ દરેક ઉપકરણ અને લુગડાનું પડિલેહણ કરવું.

૧૪ સાંજે અને સ્હવારે બે વખત પડિકમણું કરવું.

૧૫ પોષામાં લઘુનીત કે વડીનીતનું કામ પડે તો નિરવદ્ય જગ્યામાં જઈ પરઠવવું; પરઠવવા જતાં 'આવસ્સહિ' કહેવું; જમીન જોઇને 'અણુજાણહ' કહી શક્રેંદ્રની રજા લઇ પરઠવવું; પરઠવીને 'વોસિરેહ વોસિરેહ' એમ કહેવું; પાછા અંદર આવતાં 'નિસહિ' શબ્દ કહેવો. રાત્રિના ભાગમાં બહાર જવું પડે તો માથા ઉપર વસ્ત્ર ઓઢી જવું પણ ખુલ્લે માથે અને ઉઘાડે શરીરે જવુ નહિ.

૧૬ પોષામાં વડીનીતિનું કારણ પડે તેટલા માટે ગરમ પાણીનો યોગ રાખવો અથવા દિવસે વ્હોરી આવવું.

૧૭ પોષાના ૨૧ દોષ ટાળીને શુદ્ધ પોષધ કરવું.

૧૮ ચાલતી પરંપરા પ્રમાણે અગીયારમે વ્રતે પોષો વધારેમાં વધારે પહોર દિવસ ચડ્યા સુધી બંધાય; ત્યારપછી દશમે વ્રતે થઇ શકે.

૧૯ દશમા વ્રતમાં બીજો બધો વિધિ અગીયારમા વ્રત જેવો છે પણ એટલો ફેર છે કે પ્રથમ ઉપવાસનાં પચ્ચખાણ લેવાં. પછી વસ્ત્રો અને ઉપકરણોની હદ બાંધવી; બાંધેલ હદ સિવાયનાં વસ્ત્રો કે ઉપકરણો કામે લાગે નહિ, તેમજ જગ્યા કે દિશાની પણ અગાઉથી હદ બાંધવી, તે હદની બહાર જવાય નહિ.

૨૦ પોષામાં પહોર રાત્રિ ગયા પછી મ્હોટે અવાજે કે ગાઢે શબ્દે બોલાય નહિ.

પાઠ ૨૦ મો.

પોષાના ૨૧ દોષો.

૧ પોષા નિમિત્તે હજામત કરાવે, વસ્ત્ર ધોવરાવે, રંગાવે અને શરીર શુશ્રૂષા કરે તે દોષ.

૨ પોષાને આગલે દિવસે વિષય સેવે તે દોષ.

૩ અજીર્ણ થાય તેવી રીતે અધિક આહાર અત્તરવારણે કરે તે દોષ.

૪ વિષયવિકાર વધે તેવો માદક આહાર અત્તરવારણે કરે તે દોષ.

૫ પોષાનાં વસ્ત્રો તથા ઉપકરણો બરાબર પુંજે પડિલેહે નાહ તે દોષ.

૬ ઉચ્ચારાદિક ભૂમિ પડિલેહ્યા વિના પરઠવે તે દોષ.

૭ પોષધવ્રત અવિધિએ બાંધે પાળે તે દોષ.

૮ પ્રમાણુ ઉપરાંત વસ્ત્ર રાખે તે દોષ.

૯ ધર્મની હેલના થાય તેવાં ગંદાં, અપવિત્ર કે રંગરંગીલાં વસ્ત્ર રાખે તે દોષ.

૧૦ પુંજ્યા પડિલેહ્યા વિના હાલચાલ કરે તે દોષ.

૧૧ સો હાથ ઉપરાંત ગયા પછી ઇરિયાવહી ન પડિક્કમે તો દોષ.

૧૨ નિદ્રાથી મુક્ત થયા પછી ચાર લોગસ્સ અને પ્રથમ સમણુસૂત્રનો કાઉસગ્ગ ન કરે તે દોષ.

૧૩ પડિલેહણુ કર્યા પછી ઇરિયાવહી અને ત્રીજા સમણુસૂત્રનો કાઉસગ્ગ ન કરે તો દોષ.

૧૪ શરીરનો મેલ ઉતારે કે વગર પુંજ્યે ખાજ ખણે તે દોષ.

૧૫ વિકથા કે પરનિન્દા કરે તે દોષ.

૧૬ કલહ કે મશ્કરી કરે તે દોષ.

૧૭ અવ્રતીને આવકાર આપે કે આસનનું આમંત્રણુ કરે તે દોષ.

૧૮ ભાષાસમિતિ જાળવ્યા વિના બોલે તે દોષ.

૧૯ બે ઘડી પહેલાં સ્ત્રીને આસને (જે જગ્યાએ સ્ત્રી બેઠી હોય તે જગ્યાએ) પુરૂષ અને પુરૂષને આસને સ્ત્રી બેસે તે દોષ.

૨૦ પુરૂષ સ્ત્રી તરફ અને સ્ત્રી પુરૂષ તરફ વિષયદૃષ્ટિથી જુએ તે દોષ.

૨૧ પોતાની માલેકીનાં પોષાનાં ઉપકરણો સિવાયની વસ્તુ અવ્રતીની આજ્ઞા લીધા વિના લે, ઉપાડે, તેમજ અવ્રતીની પાસે કોઈ પણ વસ્તુ મંગાવે તે દોષ.

પાઠ ૨૧ મો.

શ્રાવકના ૨૧ ગુણો.

૧ નવ તત્વાદિકના જ્ઞાનમાં કુશલતા હોય.
૨ ધર્મક્રિયામાં દેવાદિકની સહાયતા વાંચ્છે નહિ.
૩ ધર્મથી કોઇના ચળાવ્યા ચળે નહિ.
૪ કરણીના ફળનો સંદેહ રાખે નહિ.
૫ સાધુ સાધ્વીની દુર્ગંચ્છા કરે નહિ.
૬ નિર્ગ્રન્થ પ્રવચનના જાણકાર હોય.
૭ હાડ હાડની મિંજાયે ધર્મનો રંગ લાગ્યો હોય.
૮ અન્યાય પક્ષનો કદિ પણ આશ્રય કરે નહિ.
૯ જેનું હૃદય સ્ફટિક રત્ન જેવું નિર્મળ હોય.
૧૦ દાન દેવા માટે ઘરનાં દ્વાર ખુલ્લાં રાખે.
૧૧ અપ્રતીતકારી ઘરમાં પ્રવેશ કરે નહિ.
૧૨ આઠમ ચૌદશ પાખીના પોષધ કરે.
૧૩ દુઃખીયાને દેખી અનુકંપા ધરે.
૧૪ યથાશક્તિ બાર પ્રકારનું તપ કરે.

૧૫ આરંભ પરિગ્રહથી કંઈક નિવર્ત્યા, કંઈક નથી નિવર્ત્યા.
૧૬ કરણ કરાવણથી કંઈક નિવર્ત્યા, કંઈક નથી નિવર્ત્યા.
૧૭ પચન પાચનથી કંઇક નિવર્ત્યા, કંઇક નથી નિવર્ત્યા.
૧૮ અઢાર પાપસ્થાનકથી કંઇક નિવર્ત્યા, કંઇક નથી નિવર્ત્યા.
૧૯ કુટ્ટણ પિટ્ટણથી કંઇક નિવર્ત્યા, કંઇક નથી નિવર્ત્યા.
૨૦ પાંચ ઇંદ્રિયના વિષયથી કંઈક નિવર્ત્યા, કંઇક નથી નિવર્ત્યા.
૨૧ સર્વ પાપયોગથી કંઇક નિવર્ત્યા, કંઇક નથી નિવર્ત્યા.

પાઠ ૨૨ મો.

ગૃહવિવેક.

૧ ચુલો, પાણીયારૂં, ઘંટી, ખાંડણીયો અને ભોજનસ્થાન એ પાંચ ઠેકાણે ચંદરવાની ખાસ જરૂર છે.

૨ પાણીયારૂં, ચુલો, ઘંટી, ખાંડણી, વાસણ કુસણ અને હમેશની વપરાશની બીજી ચીજો પુંજણીથી પુંજ્યા વિના વાપરવી નહિ.

૩ સુંવાળી સાવરણીથી જતનાએ કાઢેલ કચરો પાટલીમાં (કાજા થાળીમાં) ભરી એકાંત સ્થાને થોડો થોડો નાંખવો.

૪ ગળ્યા વિના પાણી વાપરવું નહિ. ગળણું પણ ઘટ્ટ જાડું રાખવું. સંખારો જે જાતનું પાણી હોય તેનાથી વિપરીત જાતિના પાણીમાં નાંખવો નહિ.

૫ છાણાના કકડા ચાલણામાં ચાળ્યા વિના બાળવા નહિ.
૬ લાકડાં-સરપણ ખંખેર્યા અને જોયા સિવાય બાળવાં નહિ.
૭ દિવા ફાનસ વિના કે ઢાંકણુ વિના રાખવા નહિ.
૮ ઘી, તેલ, ગોળ, ખાંડ, ખાવાનાં અને એઠવાણીનાં વાસણો ઉઘાડાં રાખવાં નહિ.
૯ પાણી સુકાય નહિ તેવી જગ્યાએ સ્નાન કરવું નહિ કે પાણી ઢોળવું નહિ.
૧૦ ઘરની અંદર કે બહાર ગંદકી કરવી નહિ.
૧૧ જીવાત પડે તેવું ધાન્ય ઓષધિ વગેરે વસ્તુઓ સંગ્રહવી નહિ.
૧૨ માંકડવાળા ખાટલા, ઢોલીયા, ગાદલાં, ગોદડાં વગેરે તડકે નાંખવાં નહિ.
૧૩ કોઈ પણ વસ્તુમાંથી જીવાત નીકળે તે રસ્તામાં કે મરી જાય તેવે સ્થળે ફેંકી દેવી નહિ.
૧૪ ગુંદાના ઠળીયા જેવા ચીકણા પદાર્થો જ્યાં ત્યાં ફેંકવા નહિ.

પાઠ ૨૩ મો.

દિનચર્યા-(પુરૂષવર્ગને માટે).

૧ સહવારમાં વહેલા ઊઠવાની ટેવ રાખવી; પાછલી રાત ચાર ઘડી રહે ત્યારે જાગવું.

૨ પડોશીઓ જાગી પાપકાર્યમાં પ્રવૃત્ત થાય તેવી રીતે બોલચાલ કરવી નહિ, પણ ગુપચુપ પવિત્ર સ્થાનમાં પવિત્ર શરીરે રાત્રિ પ્રતિક્રમણ કરવું.

૩ વધારે રાત્રિ હોય તો કુટુંબજાગરિકા કે ધર્મજાગરિકા કરવી; કુટુંબજાગરિકા એટલે કુટુંબમાં કોણ દુઃખી છે કોને સહાયની જરૂર છે વગેરે વિચારવું અને તેને સહાય કરવાની ધારણા કરવી.

૪ ક્યારે આરંભ સમારંભ ઘટાડીશ, ક્યારે સર્વથા આરંભ સમારંભથી નિવૃત્ત થઈશ અને ક્યારે સમાધિભાવ પેદા કરીશ એમ ત્રણ પ્રકારના મનોરથો ચિંતવવા.

૫ પ્રતિક્રમણ વ્રત પાળ્યા પછી માબાપ જાગ્યાં હોય તો તેમને પગે લાગવું અને તે દિવસને માટે જે કંઈ આદેશ-હુકમ કરે તે ધ્યાનમાં લેવું.

૬ દેહની હાજતો નિવાર્યા પછી ગામમાં ગુરૂ બિરાજતા હોય તો તેમના દર્શન કરવા જવું અને અવકાશ હોય તો વ્યાખ્યાન સાંભળવું.

૭ ગુરૂના દર્શન કર્યા વિના અન્નપાણી ન લેવાની પ્રતિજ્ઞા કરવી.

૮ માબાપને જમાડયા પહેલાં પોતે જમવું નહિ.

૯ નોકરી કે ધંધામાં નીતિ અને પ્રમાણિકતા બરાબર સાચવવી.

૧૦ પુત્ર-પુત્રીને યોગ્યતા અને બુદ્ધિ પ્રમાણે ઉંચી કેળવણી આપવી.

૧૧ પૈસા માટે વૃત્તિ બગાડવી નહિ, હરામ વૃત્તિ રાખવી નહિ.
૧૨ નોકરી કે ધંધામાં નિયમિત થવું; જે સમયે જે કામ નિયત કર્યું હોય તે સમયે તે કામ બજાવવું.
૧૩ દિવસ આથમ્યા પછી જમવું નહિ; દિવસે પણ ટાઇમ ઉપરાંત જમવું નહિ; પૂરેપૂરી ભૂખ લાગ્યા પહેલાં જમવું નહિ.
૧૪ સાંજે દિવસનું પ્રતિક્રમણ કરવું; ત્યારપછી સઝાય કરવી.
૧૫ માબાપની વૈયાવચ્ચ તેમ જ ધર્મચર્ચા કરી વ્હેલા સૂવું અને પાછા વહેલા જાગવું.
૧૬ કોઇની નિંદા કે કુથલી કરવામાં કે સાંભળવામાં થોડો પણ વખત ગુમાવવો નહિ.

પાઠ ૨૪ મો.

દિનચર્યા–(સ્ત્રીવર્ગને માટે).

૧ ગૃહવિવેકના પાઠમાં બતાવેલ શિક્ષા પ્રમાણે દરેક ગૃહકાર્ય વિવેકપૂર્વક કરવું.
૨ સાસુ, સસરા, જેઠ, જેઠાણી વગેરે વડીલોનો વિનય સાચવવો; તેમના પ્રત્યે પૂજ્યભાવ રાખવો અને ભક્તિ કરવી.
૩ ઘરના કોઇ પણ માણસ સાથે કલેશ કજીયો કરવો નહિ.
૪ નોકર ચાકર દાસદાસીઓ ઉપર દયાની લાગણી રાખવી; પ્રસંગપર તેમની સંભાળ લેવી.

૫ પતિ અને વડીલોની આજ્ઞાનો અનાદર ન કરવો.

૬ કોઇની સાથે પણ હાંસી–મશ્કરી કરવાની ટેવ ન રાખવી.

૭ નવરા થઇ ગપાટા મારવા નહિ, પણ જ્યાંથી શિક્ષણ મળતું હોય ત્યાંથી ધાર્મિક કે નીતિનું શિક્ષણ મેળવવું.

૮ નીતિનાં અને ધર્મનાં પુસ્તકો વાંચવાં અને તેમાંથી શિખામણના ફકરા પોતાનાં બચ્ચાંઓને શિખવવા.

૯ પોતાના છોકરાને ગાળો દેવી નહિ; વધારે બ્હીક બતાવવી નહિ પણ મીઠા શબ્દોમાં શિક્ષણ આપવું.

૧૦ અતિથિ કે પ્રાહુણાનો આદરસત્કાર કરવો; કોઇનો પણ અનાદર કરવો નહિ.

૧૧ ગરીબ, અપંગ અને અનાથને યથાશક્તિ સહાય કરવી.

૧૨ સાધુ સાધ્વીઓને નિર્દોષ આહારપાણી ચડતા ભાવથી વહોરાવવાં; સાધુઓને કલ્પતી વસ્તુઓ અસુઝતી રાખવી નહિ.

૧૩ ઘરનો દેખાવ તદ્દન સ્વચ્છ રાખવો; ગંદકી બિલકુલ કરવી નહિ; છોકરાઓને પણ સ્વચ્છ રાખવા.

૧૪ ધર્મક્રિયા અને વ્યાખ્યાનને વખતે કામથી પરવારી ધર્મક્રિયા કરવી અને શ્રવણ કરવું.

૧૫ પડોશીની સાથે સંપ સલાહથી વર્તવું; નજીવી વાત સારૂ કે છોકરાઓની વાતમાં કલેશ કંકાસ કરવો નહિ.

૧૬ સાસુ સસરા અને પતિને જમાડયા પહેલાં જમવું નહિ, પણ રાત્રિભોજન ન કરવાનો નિયમ સાચવવો.

પાઠ ૨૫ મો.

સાધુઓને વહોરાવવાનો વિધિ.

૧ ખાસ સાધુ સાધ્વીને માટે આહાર બનાવીને વ્હોરાવવો નહિ.

૨ સાધુને માટે આહાર વેચાતો લાવી વહોરાવવો નહિ.

૩ કોઇની પાસેથી ઉછીનો, કે ઉધારે લઇ આહાર વહોરાવવો નહિ.

૪ તાળું, કળ, સંચો, ચણીયારાવાળાં કમાડ ઉઘાડી આહાર વહોરાવવો નહિ.

૫ માળથી નીચે લાવી અને ભોંયરામાંથી ઉપર લાવી આહાર વહોરાવવો નહિ.

૬ કોઇના હાથમાંથી છિનવી લઇ કાંઈ વસ્તુ વહોરાવવી નહિ.

૭ મઝીયારી વસ્તુ ભાગીદારની રજા સિવાય વહોરાવવી નહિ.

૮ અસુઝતી કોઈ પણ ચીજ વહોરાવવી નહિ.

૯ સચિત્ત સાથે સંઘટાવાળી વસ્તુ વહોરાવવી નહિ.

૧૦ આંખ વિનાના માણસે વહોરાવવું નહિ.

૧૧ તાજા લિંપણ ઉપર ચાલી વહોરાવવું નહિ.

૧૨ વેરાતું વેરાતું વહોરાવવું નહિ.

૧૩ ભિક્ષુક આદિને માટે રાખેલું વહોરાવવું નહિ.

૧૪ જેણે મકાનમાં ઉતરવાની આજ્ઞા આપી હોય તેણે વહોરાવવું નહિ.

૧૫ ઘણા માણસો જમવા બેઠા હોય ત્યાંથી વહોરાવવું નહિ.
૧૬ સાધુના આવ્યા પહેલાં કોઇ ભિક્ષુક આવ્યો હોય તેને આપ્યા પછી સાધુને વહોરાવવું નહિ.
૧૭ લોકાપવાદ થાય તેવી રીતે વહોરાવવું નહિ.
૧૮ ગર્ભિણી સ્ત્રીએ સાતમા મહીના પછી વહોરાવવું નહિ.
૧૯ ધાવતા બાળકને વછોડી વહોરાવવું નહિ.
૨૦ એઠે હાથે કે એઠી જુઠી ચીજ વહોરાવવી નહિ.
૨૧ પડતર બગડી ગયેલી વસ્તુ વહોરાવવી નહિ.
૨૨ ગંદુ, અપવિત્ર, મેલું, પસીનાવાળું પાણી વહોરાવવું નહિ.
૨૩ ધોવણ વગેરે પાણી બે ઘડી પહેલાંનું વહોરાવવું નહિ.
૨૪ કોઢ, પિત્ત વગેરેના રોગી માણસે વહોરાવવું નહિ.
૨૫ ફુંક મારીને કે ઝાપટ નાંખીને વહોરાવવું નહિ.
૨૬ ત્રણ બારણાં ઉલ્લંઘી વહોરાવવું નહિ.
૨૭ અનાદર કરી, ઘણી વાર લગાડી, કઠોર વચન સંભળાવી કે મ્હોં મચકોડી વહોરાવવું નહિ.
૨૮ આહાર વહોરાવી ગર્વ કરવો નહિ, તેમ પશ્ચાત્તાપ કરવો નહિ.
૨૯ પોતે સુઝતો હોય તો બીજાને આપવાનું કહેવું પણ પોતે જ વહોરાવવું.
૩૦ કપટથી કે લાલચથી વહોરાવવું નહિ.
૩૧ દોષરહિત શુદ્ધ વસ્તુ ચડતા ભાવથી પ્રેમપૂર્વક વહોરાવવી.

શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજીકૃત
મહાવીર પ્રભુની સ્તુતિ.
રાગ માઢ—ગુણવંતી ગુજરાત—એ લય.

જયવંતા પ્રભુવીર, હમારા જયવંતા પ્રભુવીર;
શાસનનાયક ધીર, હમારા જયવંતા પ્રભુવીર. એ ટેક

શાસ્ત્ર સરોવર સરસ આપનું, તત્ત્વ રસે ભરપૂર;
તેમાં ન્હાતાં તરતાં નિત્યે, શુદ્ધ થાય અમ ઉર. હમારા. ૧

સાત્વિક ભાવે જેહ પ્રકાશ્યું, વાસ્તવિક તત્ત્વ સ્વરૂપ;
આસ્તિકતામાં રમિયે તેથી, આનંદ થાય અનૂપ. હમારા. ૨

આપ પ્રકાશિત જ્ઞાન બગીચે, ખીલ્યાં છે બહુ ફૂલ;
સુગંધિ વાયુની સરસ લ્હેરથી, અમે છઇએ મશગૂલ. હમારા. ૩

આપ વિશાલ વિચાર ભૂમિયે ઉછર્યા કલ્પ અંકુર;
રસભર તેનાં ફળ ચાખીને, રહેશું આપ હજુર. હમારા. ૪

નામ આપનું નિશદિન પ્યારૂં, રમી રહ્યું અમ ઉર;
તેની ખાતર પ્રાણ અર્પવા, અમે છીયે મંજુર. હમારા. ૫

માર્ગ બતાવા અમ ઉપર જે, કર્યો મહા ઉપકાર;
અર્પણ કરિએ સર્વ તથાપિ, થાય ન પ્રત્યુપકાર. હમારા. ૬

ચરણ આપના શરણ હમારે, મરણ જન્મ ભય દૂર;
લોભી ચાતક રત્નચંદ્ર જયમ, તમ દર્શન આતૂર. હમારા. ૭

દરેક મનુષ્યે મનન કરવા યોગ્ય

ઉપદેશી દોહરા.

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧

જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨

ગાફલ રહીશ ગમાર તું, ફોગટ થઇશ ફજેત;
હવે જરૂર હુશીયાર થઇ, ચેત ચેત નર ચેત. ૩

તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ૪

પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫

રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છો, ચેત ચેત નર ચેત. ૬

રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નરતન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭

કાળા કેશ મટી ગયા, સર્વ બનિયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૮

માટે મનમાં સમજીને, વિચારીને કર વેત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ૯

શુભ શિખામણ સમજતો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ૧૦

પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજીકૃત પુસ્તકો.

કર્તવ્ય-કૌમુદી—પ્રથમ ગ્રંથ—મૂળ શ્લોક, વિવેચન, દૃષ્ટાંતો વગેરે સાથે ઇહલોકનાં કર્તવ્ય કર્મનું સૂચન કરનારો ગ્રંથ. પૃષ્ઠ ૪૨૫. મૂલ્ય ૮ આના. સોનેરી પાકું પૂઠું.

પૂજ્ય શ્રી અજરામરજી સ્વામીનું જીવનચરિત્ર—એ મહાત્માનું ગદ્ય ચરિત્ર અને અજરામર સ્તોત્ર. પૃષ્ઠ ૧૫૦. મૂલ્ય ૫ આના.

ભાવના-શતક—૧૨ ભાવનાઓની વિસ્તૃત સમજૂતી આપનારા ૧૦૦ મૂળ શ્લોક, તે ઉપર વિવેચન તથા દૃષ્ટાંતો સાથે લગભગ ૪૦૦ પૃષ્ઠનો ગ્રંથ. મૂલ્ય ૧૨ આના.

સુબોધક કથાપંચક—પાંચ બોધક વાર્તાઓનો સંગ્રહ (વાર્તાઓ પરથી ગ્રહણ કરવાનો બોધ પં. મુ. શ્રી રત્નચંદ્રજીએ લખેલો છે) પૃષ્ઠ ૧૫૦. પાકું સુંદર પૂઠું. મૂલ્ય પાંચ આના.

મળવાનું સ્થળ:—
ચુનીલાલ વર્ધમાન શાહ,
સારંગપુર, અમદાવાદ.

રત્ન-ગદ્ય-માળા—લગભગ ૩૭૫ પૃષ્ઠનો ગ્રંથ, જેમાં પં. મુ. શ્રી રત્નચંદ્રજીનાં ભાષણો અને નિબંધોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. મૂલ્ય ૮ આના.

મળવાનું સ્થળ:—
કચ્છી દશાશ્રીમાળી જ્ઞાતિની કમિટી,
કાંદાવાડી, મુંબઈ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૭	૧૯	વિષયવાસના	અતિ વિષયવાસના
૨૭	૩	સ્વાતિ	હસ્ત
૪૨	૮	ચર્ચાં	ચર્ચા
૪૫	૩	પછી સાધુને	વિના સાધુને